Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/૮૫૯૫

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૮/૦૬/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્ય. અને ઉચ્ચ.માધ્યમિક શાળાઓ,
તમામ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ, તથા
તમામ ખાનગી પ્રાથમિક શાળાઓ, સુરત શહેર
સુરત, જિ.સુરત

૨/- આ સાથે સામેલ પત્રનો આપની કક્ષાએથી યોગ્ય અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

લ

ક્રમાંક : ધ/માધ્ય/પરચ/૨૦૨૨/૯૫૧૭૫-૯૬૦૬

કમિશનર શાળાઓની કચેરી,

બ્લોક નં.૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન,

ગુ.રા., ગાંધીનગર.

તારીખ:૦૮/૦૬/૨૦૨૨

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ.

વિષય: રાષ્ટ્રીય બાલવિજ્ઞાન પરિષદ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લેવા બાબત.

સંદર્ભ: સલાહકાર, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી તા.૨૫/૫/૨૦૨૨ નો પત્ર.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સમગ્ર દેશમાં બાલવિજ્ઞાન પરિષદનું આયોજન કેન્દ્ર સરકારનાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, એન.સી.એસ.ટી.સી દ્વારા યોજવામાં આવે છે. આ કાર્યક્રમ ૧૯૯૩થી અમલમાં છે. જેનો મુખ્ય હેતુ ૧૦ થી ૧૭ વર્ષના બાળકોમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવાનો છે. જેમાં 10 થી 14 વર્ષ (નીચલી વય જૂથ) અને 14 થી 17 વર્ષ (ઉચ્ચ વય જૂથ) ના બે જૂથમાં ભાગ લઇ શકે છે.

આ કાર્યક્રમ માટે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગરએ ગુજરાત રાજયનું કોર્ડિનેટર છે વર્ષ ૨૦૨૨નો વિષય :Understanding Ecosystem for Health and Well Being (આરોગ્ય અને સુખાકારી માટે જીવસૃષ્ટિની સમજણ) છે. અને તેના ૫ પેટા વિષયો છે. ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને સંગઠનોને આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ પ્રવૃતિમાં શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ભાગ લઇ શકે તે હેતુસર આ અંગેના પરિપત્રથી રાજયના તમામ જિં.શિ.અ.શ્રીઓને જાણ કરવામાં આવે છે.

૧. આ પ્રવૃતિમાં પસંદ કરેલ શાળાઓમાં શિક્ષક અને વિદ્યાર્થીનું નિયમ મુજબનું પ્રવાસ ભથ્થું અને ટી.એ (ફક્ત ગુજરાત રાજ્ય પ્રવાસ પૂરતા) સંસ્થા પોતાની નિયત ગ્રાન્ટમાંથી કરી શકે છે.
૨. પસંદ કરાયેલ શિક્ષકોને આ પ્રવૃતિમાં જરૂરી પ્રવાસ કરવો પડે તે સમયને લીવ ઓન ડ્યુટી ગણવામાં આવશે.
૩. જીલ્લા કક્ષામાંથી પસંદ થયેલ વિધાર્થીઓના દરેક ટીમનો એક લીડર રાજય સ્તર કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે ત્યારબાદ જો પ્રોજેકટ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં માટે પસંદ થાય તો પ્રોજેકટનો ટીમ લીડર ભાગ લેશે.
૪. રાજ્ય સ્તર અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવા માટેનો પ્રવાસ ભથ્થું ખર્ચ ગુજ્કોસ્ટ દ્વારા ચૂકવવામાં આવશે.
૫ .તદઅનુસાર ચાલુ સાલે આ પ્રવૃતિમાં રાજયની તમામ શાળાઓને આ કાર્યક્રમમાં ભાગ લેવા વિનંતી છે. આ કાર્યક્રમ અંગે વિશેષ માહિતી મેળવવા માટે જીલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા ગુજકોસ્ટ કચેરીનો સંપર્ક કરવા વિંનતી છે.
૬. આ રાષ્ટ્રીય પ્રવૃતિમાં ગુજરાતના વધુમાં વધુ વિધાર્થીઓ, શિક્ષકો અને શાળાઓ જોડાઈ હંમેશ મુજબ સારો દેખાવ કરી ગુજરાતનું ગૌરવ વધારશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે . તે માટે શાળાના ઉત્સાહી શિક્ષકોને વધુ પ્રોત્સાહન મળે અને તેનો લાભ શાળાના બાળકોને મળે તે અંગેનુ વાતાવરણ શાળામાં ઉભુ થાય એવા પ્રયત્નો કરવાના રહેશે.

(એચ.એન. ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

નકલ રવાના જાણ સારૂ :- સલાહકારશ્રી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, ગુજરાત સરકાર, બ્લોક-બી, ૭મો માળ, બહુમાળી ભવન,સેકટર-૧૧, ગાંધીનગર:૩૮૨૦૧૧